RAN-2101002501010003

# RAN-2101002501010003

## F. Y. B. A. (External) Examination March - 2026

## Gujarati Core - Compulsory

## Gujarati Bhasha Sahitya Kaushalya - Pratyayan Kaushalya

**Time: 3 Hours ]** **[ Total Marks: 100**

**સૂચના : / Instructions**

(1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
Fill up strictly the above details on your answer book

Seat No.:

Student's Signature

**પ્રશ્ન 1.** સિંધુ ખીણની સંસ્કૃતિનો અર્થ સ્પષ્ટ કરી એનાં લક્ષણોની ચર્ચા કરો. **20**

**અથવા**

લાટ (દક્ષિણ ગુજરાત) અને કચ્છમાં રહેલ ભૌગોલિક વૈવિધ્ય જણાવો.

**પ્રશ્ન 2.** 'નન્નુ ઉસ્તાદ', 'ગંગાના ઘાટ પર', અને 'મસ્ત શિલ્પી' સ્મરણચિત્રોની સમીક્ષા કરો. **20**

**અથવા**

'અમાસનાં તારા' કૃતિને આધારે કિશનસિંહ ચાવડાનું ગુજરાતી સાહિત્યમાં પ્રદાનની ચર્ચા કરો.

**પ્રશ્ન 3.** **નિબંધ લખો (ગમે તે એક)** **20**

1. વૈશાખી વાયરા વાયા
2. વિશ્વમાં વિકસતું ગુજરાત : યુવાનોની ભૂમિકા
3. ધરતીનો છેડો-ઘર
4. મારા આદર્શ શિક્ષક
5. માતૃપ્રેમ

**અથવા**

**પત્ર લખો. (કોઈપણ એક)**

1. હોઝિયરી માટે પૂછપરછ કરતો પત્ર અને તેનો પ્રત્યુત્તર આપતો પત્ર લખો.
2. ખામીવાળો માલ મળેલની ફરિયાદ કરતો પત્ર અને ફરિયાદની પતાવટ કરતો પત્ર લખો.
3. ખાદીગ્રામ ઉદ્યોગ બોર્ડ, બારડોલીમાં મેનેજરની જગ્યા માટે અરજી તૈયાર કરો.

**પ્રશ્ન 4.(અ)** **ગમે તે બેનો વિચાર-વિસ્તાર કરોઃ** **12**

1. ''ઊગે કમળ પંકમાં તદપિ દેવશિરે ચડે;
   નહિ કુળથી કિન્તુ મૂલ્ય મૂલવાય ગુણો વડે.''
2. ''સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી;
   ચણાયેલી ઈમારત એના નકશામાં નથી હોતી.''

3. ''વિશાળ જગવિસ્તારે નથી એક જ માનવી,
પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ..''
4. ''ઝેરનું અમૃત બનાવી દઉં પણ મુજ કને,
મીરાંની પ્રીત નથી, નરસિંહનું નથી કીર્તન.''

**(બ) નીચે પૈકી ગમે તે ચાર કહેવતોનો અર્થ આપો :** **4**

1. ઘાણીનો બળદ ઠેરનો ઠેર
2. ચેતતા નર સદા સુખી
3. ચોરનો ભાઈ ચોર ઘંટી ચોર
4. જાગ્યા ત્યારથી સવારઃ
5. જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ
6. ઝાઝા હાથ રળિયામણા
7. ઝાઝી કીડીઓ સાપને.
8. ડુંગરા દૂરથી રળિયામણા

**(ક) નીચે પૈકી ગમે તે ચાર રૂઢિપ્રયોગોનો અર્થ આપો :** **4**

1. અડસઠ તીર્થ કરવાં
2. ઈશ્વરના ઘરની ચિઠ્ઠી આવી.
3. ઘરનો દીવો
4. છીંડાં શોધવા
5. કડવું ઝેર જેવું લાગવું
6. જીવમાં જીવ આવવો
7. ટોપી પહેરાવવી
8. તણખા ઝરવા

**પ્ર. 5.(અ) ટૂંકનોંધ લખો : (ગમે તે એક)** **6**

1. સોલંકી યુગ
2. 'બા' માં બાનું સ્મૃતિચિત્ર

**(બ) પૂર્વાપાર સંદર્ભ આપી સમજાવો : (ગમે તે બે)** **8**

1. ''''જોજે અમુ, તું આવું કાંઈ ના કરતી.''
2. ''રઘુરાજ, દિલ ન ખોલે તેને આ રાતના સોગન.''
3. ''આપ જા રહેં હૈ? અબ આપ કભી નહીં આયેંગે?''
4. ''હવે એટલું તું ખાઈ જા''

**(ક) નીચેના પૈકી કોઈપણ એક ફકરાનો ત્રીજા ભાગનો સંક્ષેપ કરી યોગ્ય શીર્ષક આપો :** **6**

1. પણ સત્ય એ પારસમણિરૂપ છે. જે કામધેનુરૂપ છે તે કેમ જડે? તેનો જવાબ ભગવાને આપ્યોઃ અભ્યાસ અને વૈરાગ્યથી, સત્યની તાલાવેલી તે અભ્યાસ; તે વિના બીજી વસ્તુ વિશે આત્યંતિક ઉદાસીનતા તે વૈરાગ્ય છતાં એકનું સત્ય તે બીજાનું અસત્ય એમ આપણે જોયા કરીશું તેથી ગભરાવાનું કશું કારણ નથી. જ્યાં પ્રયત્ન છે ત્યાં નોખાં જણાતાં બધાં સત્ય તે એક જ ઝાડનાં અસંખ્ય નોખાં જણાતાં પાંદડાં સમાન છે. પરમેશ્વર પણ ક્યાં પ્રત્યેક વ્યક્તિને નોખો નથી જણાતો? છતાં તે એક જ છે એમ આપણે જાણીએ છીએ. પણ સત્ય નામ જ પરમેશ્વરનું છે તેથી જેને જે સત્ય ભાસે તે પ્રમાણે વર્તે તેમાં દોષ નથી.

એટલું જ નહીં, પણ એ જ કર્તવ્ય છે, પછી તેમ કરવામાં ભૂલ હશે તો પણ તે સુધરી જવાની જ છે, કેમ કે સત્યની શોધની પાછળ તપશ્ચર્યા હોય એટલે પોતે દુઃખ સહન કરવાનું હોય. તેની પાછળ મરવાનું હોય, એટલે તેમાં સ્વાર્થની તો ગંધ સરખીએ ન હોય. આવી નિઃસ્વાર્થ શોધ કરતા આજ લગી કોઈ માર્ગે છેવટ લગી ગયું નથી આડે જાય કે ઠેસ વાગી જ છે; એટલે વળી તે સીધે માર્ગે ચઢી જાય છે. તેથી સત્યની આરાધના એ ભકિત છે; ને ભકિત તો 'શિશ ઉતરવાનું ટાણું' છે અથવા હરિના મારગ હોઈ તેમાં કાયરતાને સ્થાન નથી. તેમાં હાર જેવું કંઈ છે જ નહીં. એ 'મરી જીવવાનો મંત્ર' છે.

–ગાંધીજી

2. આપણે સામાન્ય રીતે માનતા હોઈએ છીએ કે માણસના અંગત જીવનમાં આપણે નીતિનું ધોરણ ઊંચું રાખવું જોઈએ અને રાખીએ પણ ખરા; પરંતુ સંસ્થાના વ્યવહારમાં એવું ધોરણ ન રાખીએ તો પણ ચાલે. આનો અર્થ એ થયો કે મારા અંગત જીવનમાં હું અપ્રામાણિકતા કરૂં એ સારૂં નહીં અને ન કરવી જોઈએ. પરંતુ મારી લોકભારતી જેવી સંસ્થા માટે જો હું અપ્રામાણિકતા કરૂ તો તે અપ્રામાણિકતા દોષ ન ગણાવો જોઈએ. ઊલટું આવી અપ્રામાણિકતા સંસ્થાની સેવા માટે હું કરી શકું એવું હું પોતે પણ માનું અને બીજાઓને પણ મનાવું. આ પ્રકારનો ભ્રમ સમાજમાં ચારે તરફ ફેલાયેલો દેખાય છે અને કેટલાક નિષ્ઠાવાન કાર્યકર્તાઓ પણ આવા ભ્રમમાંથી મુક્ત હોતા નથી એમ કહેવાય છે. ખરી રીતે ચારિત્ર્યના જે નિયમો વ્યક્તિને લાગુ પડે છે તે જ નિયમો સંસ્થાને લાગુ પાડવા જોઈએ. જે કાળાબજાર કરવા એ મારા ચારિત્ર્યમાં દોષ ગણાય, તો સંસ્થાના ચારિત્ર્યમાં તે દોષ ગણાવો જોઈએ. સંસ્થા એ કોઈ એવી લોકોત્તર વસ્તુ નથી જે ચારિત્ર્યમાં હીનતાને પણ ચારિત્ર્યશીલતા બનાવી શકે. ખોટું એ ખોટું છે, લુચ્ચાઈ એ લુચ્ચાઈ જ છે, છેતરપિંડી એ છેતરપિંડી જ છે. પછી એ મારા અંગત જીવનમાં હોય કે સંસ્થામાં હોય.

- નાનાભાઈ ભટ્